For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

ફોન લાઇન સતત વ્યસ્ત રહેતા સબ સ્ટેશન પર નાગરિકોના મોરચા મંડાયા

વાવાઝોડાને પગલે વીજળી ગૂલ: નાગરિકો ત્રસ્ત

(પ્રતિનિધિ) વડોદરા,તા.20

વડોદરા શહેરમાં અચાનક આવેલા વાવઝોડાના કારણે શહેરના અનેક વિસ્તારોમાં રાત્રી દરમિયાન વીજળી ગુલ થઈ હતી. કલાકો વીત્યા બાદ પણ વીજ પુરવઠો કાર્યરત નહિ થતા લોકોએ સંબંધિત વીજ કચેરીઓમાં ટેલિફોનિક સંપર્ક સાધ્યો હતો. જોકે લાઈન સતત વ્યસ્ત રહેતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા અને વીજ કચેરી ખાતે પહોંચી પોતાનો બળાપો ઠાલવ્યો હતો.

વડોદરામાં અણધાર્યા વાવાઝોડાને કારણે શહેરમાં અનેક વિસ્તારોમાં અંધારપટ છવાયો હતો. લોકોના ઘરોમાં તેમજ કેટલાક વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટો પણ બંધ થઈ હતી. રાત્રી દરમિયાન વીજ પુરવઠો બંધ થતાં લોકો હેરાન પરેશાન થઈ ઉઠ્યા હતા. બીજી તરફ લાઈટ વિના લોકોના ઘરોમાં મચ્છરોના ઉપદ્રવને કારણે કેટલાક લોકો રાત્રી ઉજાગરા કરવા મજબુર બન્યા હતા. મોડીરાત સુધી લાઈટો નહિ આવતા વીજ ગ્રાહકોએ સંબંધિત વીજ કચેરીમાં ટેલિફોનિક સંપર્ક સાધવાનો પ્રયાસ કર્યો હતો. જોકે લાઈન સતત વ્યસ્ત રહેતા સંપર્ક સાધી શકાયો ન હતો. જેના કારણે ત્રાહિમામ પોકારી ઉઠેલા લોકોએ વીજ કચેરીમાં મોરચો માંડી ફરજ પર હાજર અધિકારીઓને આડેહાથ લઈ પોતાનો આક્રોશ ઠાલવ્યો હતો.

એક વીજ ગ્રાહકે જણાવ્યું હતું કે, હરણી વિસ્તારમાં ત્રણ કલાકથી લાઈટ નથી. હેલ્પલાઈન નંબરો પર ફોન કરીએ છીએ તો કોઈ ઉપાડતું નથી. કચેરીમાં આવ્યા તો અધિકારીઓ પણ ઉડાઉ જવાબ આપે છે. કચેરીમાં લાઈટો ચાલુ અને લોકોના ઘરોમાં કલાકો સુધી લાઈટો નથી. કામગીરી ચાલુ છે આવી જશે થોડીવારમાં લાઈટ પણ ક્યારે ? કલાકો થઈ ગયા છતાં લાઈટ આવી ન હતી.

માવઠાએ 'રાત્રિ બજાર'ની રોનક છીનવી

વડોદરામાં ગત રાત્રે અચાનક વાતાવરણમાં આવેલા પલટાએ શહેરના જાણીતા 'રાત્રિ બજાર'ની રોનક છીનવી લીધી હતી. અચાનક શરૂ થયેલા કમોસમી વરસાદી ઝાપટા અને તેજ પવનના કારણે હંમેશા ગ્રાહકોથી ધમધમતું રાત્રિ બજાર ખાલીખમ જોવા મળ્યું હતું. સામાન્ય રીતે મોડી રાત સુધી ખાણી-પીણીના શોખીનોથી ઉભરાતા આ બજારમાં વરસાદી માહોલને કારણે ગ્રાહકોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો હતો. પવનની ગતિ વધુ હોવાથી સ્ટોલ ધારકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

ગરમીનો પારો 3 ડીગ્રી ઘટીને 32.2 ડીગ્રી નોંધાયો

સાયક્લોનિક સર્ક્યુલેશનને પગલે શહેરમાં અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો. જેના કારણે ગરમીનો તાપમાન ત્રણ ડિગ્રી ઘટીને 32.2 ડિગ્રીએ પહોંચ્યું હતું. આગામી સમયમાં વાતાવરણમાં ઠંડક પ્રસરેલી રહેશે. વાતાવરણમાં આવેલા એકાએક બદલાવને પગલે રોગચાળો વકરવાનું સંકટ વધી ગયુ છે. જ્યારે, આગામી 24 કલાક બાદ હવામાનમાં ફરી બદલાવ આવશે અને ધીમે ધીમે તાપમાનમાં 3 થી 5 ડિગ્રી સુધીનો વધારો થવાની શક્યતા છે. જેના કારણે રાજ્યમાં ફરી ગરમીનો પ્રકોપ વધશે.

વડોદરામાં આંગણવાડીની બહેનોનો હલ્લાબોલ

'શોષણ છોડો, ન્યાય આપો' ના નારા સાથે કલેક્ટર કચેરી ગજવી

(પ્રતિનિધિ), વડોદરા. તા.20

વડોદરાની નવનિર્મિત કલેક્ટર કચેરી આજે એક અનોખા આંદોલનનું સાક્ષી બની હતી. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન (VMC) હેઠળ કાર્યરત આંગણવાડીઓની સેંકડો બહેનોએ પોતાની પડતર માંગણીઓના નિકાલ માટે તંત્ર સામે બાયો ચઢાવી છે. 'ન્યાય આપો... ન્યાય આપો...' ના ગગનભેદી સૂત્રોચ્ચાર સાથે બહેનોએ કલેક્ટર કચેરીને ઘેરી લીધી હતી, જેનાથી વહીવટી તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. વર્ષોથી રાત-દિવસ જોયા વગર ગરીબ બાળકોના કુપોષણ સામે લડતી અને સગર્ભા માતાઓની સેવા કરતી આંગણવાડી કાર્યકરો આજે પોતે જ અન્યાયનો ભોગ બની હોવાનો વસવસો વ્યક્ત કરી રહી છે. મોંઘવારી આસમાને પહોંચી છે, ત્યારે આંગણવાડી બહેનોને મળતું વળતર 'ઊંટના મોઢામાં જીરા' સમાન છે. સમાન કામ, સમાન વેતનની માંગ સાથે કાયમી કરવાની દિશામાં કોઈ નક્કર પગલાં લેવાયા નથી. આંગણવાડીની મૂળ કામગીરી ઉપરાંત સરકારી સર્વે, ચૂંટણી લક્ષી કામગીરી અને અન્ય ઓનલાઈન એન્ટ્રીઓના અતિશય ભારણને કારણે બહેનો માનસિક તાણ અનુભવી રહી છે. આંદોલનકારી બહેનોએ સ્પષ્ટ શબ્દોમાં

જણાવ્યું હતું કે, અમે વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરી છે, પરંતુ દરેક વખતે માત્ર પોકળ આશ્વાસનો જ મળ્યા છે. હવે અમારી ધીરજ ખૂટી છે. બહેનોએ કલેક્ટર કચેરીના પટાંગણમાં જ પડાવ નાખ્યો છે. જ્યાં સુધી તેમની માંગણીઓ સ્વીકારવામાં નહીં આવે ત્યાં સુધી અચોક્કસ મુદતના ધરણા ચાલુ રહેશે. એટલું જ નહીં, જો ટૂંક સમયમાં કોઈ સંતોષકારક નિર્ણય નહીં લેવાય, તો આ આંદોલન "ભૂખ હડતાલ" માં પરિવર્તિત થશે તેવી આક્રમક ચેતવણી આપવામાં આવી છે. શહેરમાં સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે પાયાના સ્તરે સેવા આપતી આ બહેનોની અવગણના કેમ ?

વડોદરામાં વિકાસના નામે 'મોતની ગટર'

અટલાદરામાં ખુલ્લી ગટરમાં પડવાથી સગર્ભા ગાયનું મોત

(પ્રતિનિધિ), વડોદરા. તા.20

મહાનગરપાલિકાની પ્રી-મોન્સૂન કામગીરી અને ખુલ્લી ગટરો સામે સવાલો ઉઠાવતી એક દુખદ ઘટના શહેરના અટલાદરા વિસ્તારમાં સામે આવી છે. કોર્પોરેશન અથવા કોન્ટ્રાક્ટરની બેદરકારીને કારણે એક નિર્દોષ સગર્ભા ગાયનું ખુલ્લી ગટરમાં પડી જવાથી મોત નીપજ્યું છે, જેના કારણે વિસ્તારના રહીશોમાં તંત્ર સામે ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, અટલાદરા વિસ્તારમાં વરસાદી ગટર લાઈન પર પાકા ઢાંકણાને બદલે માત્ર પ્લાયવુડના ટુકડા મૂકીને તેને ઢાંકવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ગત રોજ એક ગાય આ પ્લાયવુડ પર ચઢતા જ નબળું

પ્લાયવુડ તૂટી ગયું હતું અને ગાય સીધી ગટરમાં ખાબકી હતી. ગટરમાં ફસાયેલી ગાય બહાર નીકળી શકી નહોતી અને અંતે તેનું કરુણ મોત નીપજ્યું હતું. નોંધનીય છે કે ગાય સગર્ભા હોવાથી એક સાથે બે જીવ ગુમાવવાનો વારો આવ્યો છે.

સ્થાનિક રહીશોનો આક્ષેપ છે કે આ વિસ્તારમાં અનેક જગ્યાએ ગટરના ઢાંકણા ખુલ્લા છે અથવા કામચલાઉ રીતે ઢાંકવામાં આવ્યા છે. લોકોએ સવાલ ઉઠાવ્યો છે કે, "આજે તો ગાયનું મોત થયું છે, પરંતુ જો આ ગટરમાં કોઈ નાનું બાળક પડી જાય અને તેનો જીવ જાય તો તેની જવાબદારી કોણ લેશે?" માંજલપુર જેવી જ ઘટના અહીં પુનરાવર્તિત થવાની ભીતિ પણ વ્યક્ત કરવામાં આવી હતી.

આગામી ચોમાસાને ધ્યાનમાં રાખીને રહીશોએ માંગ કરી છે કે કોર્પોરેશન વહેલી તકે તમામ ખુલ્લી ગટરો પર પાકા ઢાંકણા લગાવે. વારંવાર રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવતા નથી, જેના પરિણામે આવા અકસ્માતો સર્જાય છે. હાલમાં આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં પાલિકાની કામગીરી સામે ફિટકારની લાગણી વર્ષી રહી છે.

દાનના નામે ઠગાઈ

વૃદ્ધાની સોનાની બંગડીઓ લઈને બે ગઠિયા ફરાર

(પ્રતિનિધિ), વડોદરા. તા.20

સમીયાલા ગામે રહેતા 65 વર્ષીય વૃધ્ધાને બે ગઠિયાઓએ વાતોમાં ભોળવી તેમની પાસેથી અંદાજે રૂ.2.85 લાખની કિંમતની સોનાની બંગડીઓ લઈ રફુચક્કર થઈ ગયા હતા. વૃદ્ધાએ આ મામલે વાડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

વડોદરા જિલ્લાના સમિયાલા ગામે રહેતા ધનુબેન રાઇસિંગભાઇ ઓડ છૂટક મજૂરી કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. ગુરુવારના બપોરના સમયે વૃધ્ધા તેમના જમાઈની એક્ટિવા પર મગળબજાર પદમાવતી શોપિંગ સેન્ટર ખાતે ઘરગથ્થું સામાન લેવા ગયા હતા. જમાઈએ તેમને ત્યાં ઉતારી દીધા બાદ ધનુબેન ખરીદી કરવા માટે ગયા હતાં ખરીદી કરીને તેઓ પરત ફર્યા હતા અને લહેરીપુરા ગેટ નજીક ચોકમાં ઊભા હતા ત્યારે બે શખ્સ તેમની પાસે આવ્યા હતાં તેઓએ પોતે દાન આપવા માટે આવ્યા છે તેમ કહી મીઠી વાતો કરતા વૃદ્ધાને તેમના પર વિશ્વાસ આવી આવી ગયો હતો. બંને ગઠિયાઓ વૃદ્ધાને એચડીએફસી બેંકની બાજુમાં સીડી પાસે બેસાડ્યા હતા. ત્યાં એક ગઠિયાએ તમારા હાથમાં પહેરેલી સોનાની બંગડી ઉતારી આપો દાન આપનારા લોકો ચકાસણી કરશે અને જો કિંમતી વસ્તુ હશે તો દાન નહીં આપે. જેથી પહેરેલી સોનાની બંગડીઓ કાઢી નાખવા કહ્યું હતું. વૃધ્ધા એ તેમની વાતોમાં આવીને બંગડીઓ કાઢી પોતાના નાના પર્સમાં મૂકી અને તે પર્સ ખરીદીના થેલામાં મૂકી દીધો હતો. આ દરમિયાન બંને ઠગોએ વાતોમાં ભોળવી વૃધ્ધાની નજર ચૂકવી થેલોમાંથી રૂપિયા 2.85 લાખની સોનાની બંગડીઓ લઈને ફરાર થઈ ગયા હતા.

ધારાસભ્યો દ્વારા રજૂ કરાતા પ્રશ્નો એ પ્રજાનો જ અવાજ : કલેક્ટર

સાવલીના MLA કેતન ઈનામદાર સતત ત્રીજી સંકલન સમિતિની બેઠકમાં ગેરહાજર

વિધાનસભા ચૂંટણી નહીં લડવાની જાહેરાત બાદ કેતન ઇનામદારની નિષ્ક્રિયતા ચર્ચાના ચગડોળે

(પ્રતિનિધિ), વડોદરા. તા.20

વડોદરા જિલ્લાના છેવાડાના માનવી સુધી સરકારી યોજનાઓના લાભો પહોંચાડવા અને જનપ્રતિનિધિઓ દ્વારા રજૂ કરવામાં આવતા લોકહિતના પ્રશ્નોનું ત્વરિત નિરાકરણ લાવવા માટે જિલ્લા વહીવટી તંત્ર હવે વધુ ગતિશીલ બન્યું છે. શુક્રવારે વડોદરા કલેક્ટર કચેરીના સભાખંડમાં ઈન્ચાર્જ જિલ્લા કલેક્ટર મમતા હીરપરાના અધ્યક્ષસ્થાને 'જિલ્લા સંકલન સહ ફરિયાદ સમિતિ'ની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકની શરૂઆતમાં જ ઈન્ચાર્જ કલેક્ટર મમતા હીરપરાએ કડક વલણ અપનાવતા જણાવ્યું હતું કે, ધારાસભ્યો દ્વારા રજૂ કરવામાં આવતા પ્રશ્નો એ પ્રજાનો અવાજ છે. વહીવટી તંત્રના અધિકારીઓએ આ પ્રશ્નોને માત્ર કાગળ પર મર્યાદિત ન રાખતા, તેનું વાસ્તવિક અને હકારાત્મક નિરાકરણ લાવવું જોઈએ. તેમણે સ્પષ્ટ આદેશ આપ્યો હતો કે, કોઈપણ લોકપ્રશ્ન સમયમર્યાદાની બહાર ન જવો જોઈએ અને જો કોઈ કચેરીમાં કામ પડતર હશે તો તેની ગંભીર નોંધ લેવામાં આવશે.

માત્ર બાહ્ય પ્રશ્નો જ નહીં, પરંતુ કલેક્ટરે આંતરિક વહીવટને પણ સુધારવા માટે અનેક આદેશો આપ્યા હતા. બેઠકમાં નાગરિક અધિકાર પત્રો હેઠળ મળતી સેવાઓ, ખાતાકીય તપાસના કેસો, તકેદારી આયોગની અરજીઓ અને પેન્શનના કેસોની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. ખાસ કરીને સરકારી નાણાંની વસૂલાત અને બાકી ઓડિટ પેરા પૂર્ણ કરવા માટે ડેડલાઈન નક્કી કરવામાં આવી હતી. આ બેઠકમાં ડભોઈ, પાદરા અને વાઘોડિયાના ધારાસભ્યોએ હાજર રહીને લોકપ્રશ્નોની રજૂઆત કરી હતી, પરંતુ સાવલીના ધારાસભ્ય કેતન ઈનામદાર સતત ત્રીજી વખત ગેરહાજર રહેતા રાજકીય ગલિયારાઓમાં અનેક સવાલો ઉભા થયા છે. આગામી વિધાનસભા ચૂંટણી ન લડવાની જાહેરાત કરનાર ધારાસભ્ય શું હવે પ્રજાકીય પ્રશ્નોમાં નિષ્ક્રિય થઈ ગયા છે કે કેમ ? તેવો ગણગણાટ શરૂ થયો છે.

બેઠકમાં હાજર રહેલા ત્રણ ધારાસભ્યોએ પોતપોતાના વિસ્તારના સળગતા પ્રશ્નો અંગે રજૂઆત કરી હતી.

શૈલેષ મહેતા (ધારાસભ્ય, ડભોઈ)

"વઢવાણા કેનાલ નં-2 માં સિંચાઈ વિભાગના કામને કારણે ઉનાળામાં પાણી બંધ કરાતા ખેડૂતો મુશ્કેલીમાં છે. આ કામગીરી અત્યંત ધીમી છે. ઉપરાંત, અણખોલના 'સરદાર ધામ'માં પીવાના પાણી અને ગટરની સુવિધા ન હોવાથી વિદ્યાર્થીઓને હાલાકી ભોગવવી પડે છે. જિલ્લાની ધર્મશાળાઓ અને અનાથાશ્રમોમાં પૂરતો ગેસનો જથ્થો મળે તે જરૂરી છે."

ચૈતન્યસિંહ ઝાલા (ધારાસભ્ય, પાદરા)

"સમિયાલા-ચાણસદને જોડતા વેસ્ટર્ન બાયપાસ માટે જમીનનું સંપાદન અને કબજો લેવાની પ્રક્રિયા પૂર્ણ થઈ છે, જેનું કામ હવે ઝડપથી પૂર્ણ કરવામાં આવશે. પાદરા તાલુકાના ગામોમાં પાણી ભરાવાની સમસ્યા ગંભીર છે, જેના નિકાલ માટે રસ્તામાં નવા નાળા બનાવવાની તાતી જરૂરિયાત છે."

ધર્મેન્દ્રસિંહ વાઘેલા (ધારાસભ્ય, વાઘોડિયા)

"બાજવા બ્રીજ પર લાઈટોના અભાવે અકસ્માતનો ભય છે, ત્યાં વહેલી તકે લાઈટો લગાડવી જોઈએ. બાજવા ગામની જર્જરિત પાણીની ટાંકી ઉતારી લેવી જરૂરી છે કારણ કે તેની પાસે જ આંગણવાડી છે. નંદેસરીમાં ઝેરી ગેસ અને એર પોલ્યુશનનો પ્રશ્ન વિકટ છે, તેમજ વાઘોડિયાના તમામ જર્જરિત બસ સ્ટેન્ડ નવા બનાવવાની જરૂર છે."

વિદ્યાર્થી સંગઠન એજીએસયુની યુનિવર્સીટીની હેડ ઓફિસ ખાતે રજૂઆત

એમ.એસ.યુનિ.ના 1800 જેટલા વિદ્યાર્થીઓ સ્કોલરશીપથી વંચિત

(પ્રતિનિધિ) વડોદરા,તા.20

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની વિવિધ ફેકલ્ટીઓમાંથી 2600 થી વધુ વિદ્યાર્થીઓ દ્વારા સ્કોલરશીપનો લાભ મેળવવા માટે ફોર્મ ભરવામાં આવ્યા હતા. જે પૈકી 1800 જેટલા વિદ્યાર્થીઓના ફોર્મ માન્ય રાખવામાં આવ્યા હતા. જોકે ફોર્મ મંજુર થયેલા વિદ્યાર્થીઓને હજી સુધી પણ ડીએસડબલ્યુ સ્કોલરશીપ નહીં મળતા વિદ્યાર્થી સંગઠન એજીએસયુ ગ્રુપ દ્વારા યુનિવર્સિટીની હેડ ઓફિસ ખાતે રજૂઆત કરી માર્ચ મહિનાના અંત સુધીમાં વિદ્યાર્થીઓને સ્કોલરશીપની રકમ ચૂકવવા માંગણી કરવામાં આવી હતી. એમ.એસ.યુનિવર્સિટીની દરેક ફેકલ્ટીમાં અભ્યાસ કરતા જનરલ કેટેગરીના વિદ્યાર્થીઓ દ્વારા વર્ષ 2025 મા ડીએસડબ્લ્યુ સ્કોલરશિપ માટે ફોર્મ ભરવામાં આવ્યા હતા. યુનિવર્સિટીની સમગ્ર ફેકલ્ટીઓમાથી લગભગ 2600 થી વધુ વિધાર્થીઓ દ્વારા ડીએસડબ્લ્યુ સ્કોલરશીપ માટે એપ્લાય કરવામાં આવ્યું હતું. પરંતુ વેરિફિકેશન પ્રક્રિયા પછી લગભગ 1800 જેટલા વિદ્યાર્થીઓની એપ્લિકેશન સ્વીકારવા આવી હતી. ડોક્યુમેન્ટ વેરિફિકેશન કરીને દરેક વિદ્યાર્થીઓનું ફોર્મ

યુનિવર્સિટીના એકાઉન્ટ સેક્શનમાં આપી દેવામાં આવ્યું છે. પરંતુ, હજુ સુધી યુનિવર્સિટીના એકાઉન્ટ સેક્શન દ્વારા આ દરેક વિધાર્થીઓના બેંક એકાઉન્ટમાં સ્કોલરશીપની રકમ જમા કરવામાં આવી નથી. એપ્રિલથી દરેક ફેકલ્ટીમાં વિદ્યાર્થીઓની ફાઈનલ પરીક્ષા શરૂ થશે. ત્યાર પછી યુનિવર્સિટીમાં વેકેશન શરૂ થઈ જશે. આ મામલે ઓલ ગુજરાત સ્ટુડન્ટ યુનિયન ના આગેવાન પંકજ જયસ્વાલની આગેવાનીમાં વિદ્યાર્થી કાર્યકર્તાઓએ યુનિવર્સિટીની હેડ ઓફિસ ખાતે રજુઆત કરી માર્ચ મહિનાના અંત સુધીમાં વિદ્યાર્થીઓને સ્કોલરશિપની રકમ આપવામાં આવે તેવી માંગણી કરવામાં આવી હતી.

પિતા-પુત્રને બેભાન કરી દીધા હતાં

ટ્રેનમાં નશાયુક્ત પાણી પીવડાવી 1.22 લાખની ચોરી

(પ્રતિનિધિ) વડોદરા,તા.20

ટ્રેન મુસાફરી દરમિયાન નશીલો પદાર્થ પીવડાવી ચોરી કરવાની વધુ એક ગંભીર ઘટના સામે આવી છે. સુરતમાં રહેતા સીરાજુલ ઈસ્લામ શેખ પોતાના પિતાને વતન મોકલવા જતા હતા ત્યારે અજાણ્યા શખ્સે વિશ્વાસ જીત્યા બાદ બંનેને બેભાન બનાવી રૂપિયા અને સામાનની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. આ મામલે રેલવે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, મૂળ પશ્ચિમ બંગાળના અને હાલ સુરતમાં રહેતા સીરાજુલ ઈસ્લામ શેખ પોતાના પિતાને વડોદરા રેલવે સ્ટેશન પરથી અમદાવાદ-હાવડા એક્સપ્રેસ ટ્રેનમાં બેસાડી રહ્યા હતા. ટ્રેન ઉપડ્યા બાદ થોડા જ સમયમાં એક અજાણ્યો શખ્સ તેમની સામેની સીટ પર આવી બેઠો હતો અને મીઠી વાતો કરીને પિતા-પુત્રનો વિશ્વાસ જીત્યો હતો.

થોડીવાર બાદ ગઠિયાએ પાણી પીવાનું કહી બોટલ આપી હતી. પિતાએ પાણી પીધા બાદ સીરાજુલએ પણ થોડું પાણી પી લીધું હતું. પાણી પીતા જ થોડા સમયમાં બંનેને ચક્કર આવવા લાગ્યા અને તેઓ બેભાન થઈ ગયા હતા.પછી હોશમાં આવતા તેમને ખબર પડી કે આરોપી તેમની મોબાઈલમાંથી બંને સિમ કાર્ડ કાઢી ગયો હતો તેમજ પેન્ટના ખિસ્સામાંથી પર્સ પણ ચોરી લઈ ગયો હતો. પર્સમાં એટીએમ કાર્ડ, ટ્રેન ટિકિટ અને રૂ. 2500 રોકડ રકમ હતી.આરોપીએ એટીએમ કાર્ડનો ઉપયોગ કરીને તેમજ ઓનલાઈન ટ્રાન્ઝેક્શન દ્વારા આશરે રૂ.1.20 લાખ ઉપાડી લીધા હતા. આમ કુલ મળીને અંદાજે રૂ.1,22,500ની ચોરી કરવામાં આવી હતી.

ઘોર બેદરકારી 15.50 કરોડનું બજેટ પણ અઢી વર્ષે પણ માત્ર 30% કામ પૂર્ણ : ચોમાસામાં ચિતા પર પાણી પડવાની સમસ્યા યથાવત

'મહારાષ્ટ્રીયન સ્મશાન' પ્રોજેક્ટ અદ્ધરતાલ

(પ્રતિનિધિ) વડોદરા તા.20

સંસ્કારી નગરી વડોદરામાં વિકાસના દાવાઓ વચ્ચે વહીવટી તંત્રની ગંભીર બેદરકારી સામે આવી છે. મહારાષ્ટ્રીયન સમાજ માટે 15.50 કરોડના ખર્ચે નિર્માણ પામનાર શહેરના સૌથી મોટા આધુનિક સ્મશાનનું કામ અઢી વર્ષ વીત્યા છતાં હજુ સુધી પૂર્ણ થયું નથી. પ્રોજેક્ટની સમયમર્યાદા વીતી ગઈ હોવા છતાં માત્ર 30 ટકા કામગીરી થતા શોકગ્રસ્ત પરિવારોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. ઓગસ્ટ 2023માં આ પ્રોજેક્ટનો પ્રારંભ ખૂબ જ ધામધૂમથી કરવામાં આવ્યો હતો. તે સમયે વહીવટી તંત્ર દ્વારા દાવો કરવામાં આવ્યો હતો કે આ પ્રોજેક્ટ દોઢ વર્ષમાં પૂર્ણ કરી દેવામાં આવશે. જોકે, આજે અઢી વર્ષનો સમય વીતી જવા છતાં પરિસ્થિતિ ઠેરની ઠેર છે. આશ્ચર્યની વાત એ છે કે આ પ્રોજેક્ટ માટે કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી ફંડ પણ ઉપલબ્ધ છે, છતાં મોનિટરિંગના અભાવે કામગીરી ગોકળગાયની ગતિએ ચાલી રહી છે. સ્મશાનમાં પૂરતી સુવિધાઓના અભાવે સૌથી વધુ હાલાકી અંતિમ સંસ્કાર માટે આવતા પરિવારોને પડી રહી છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, સ્મશાનની છત અને માળખું જર્જરિત હોવાથી ચોમાસા દરમિયાન ચિતા પર સીધું પાણી પડે છે. આ જૂની અને ગંભીર સમસ્યાને કારણે અંતિમવિધિમાં વિક્ષેપ પડે છે, જે શોકગ્રસ્ત પરિવારો માટે અત્યંત પીડાદાયક સ્થિતિ સર્જે છે. મહારાષ્ટ્રીયન સમાજ માટે અન્ય કોઈ મોટું વૈકલ્પિક સ્મશાન ન હોવાથી લોકો મજબૂરીમાં અહીં આવે છે.આટલા મોટા પ્રોજેક્ટમાં વિલંબ થવા છતાં સ્થાનિક સાંસદ, ધારાસભ્યો અને કાઉન્સિલરો દ્વારા રાખવામાં આવેલી મૌન વૃત્તિ હવે ચર્ચાનો વિષય બની છે. જનતાના પ્રતિનિધિઓ આ મામલે કેમ દબાણ નથી લાવી રહ્યા તેવા સવાલો ઉઠી રહ્યા છે.સમાજના અગ્રણીઓ કિશોરભાઈ કેસરકર, દીપક પાલકર અને વિક્રમભાઈ ખિડકીકરે તંત્ર સામે રોષ ઠાલવતા જણાવ્યું હતું કે, "અમે હવે તંત્રના પોલા વચનોથી થાકી ગયા છીએ." તેમણે માંગ કરી છે કે તંત્ર તાત્કાલિક અસરથી કામ શરૂ કરે અને ચોક્કસ સમયમર્યાદા જાહેર કરે. જો આગામી દિવસોમાં કામગીરી ઝડપી નહીં બને, તો મહારાષ્ટ્રીયન સમાજ દ્વારા રસ્તા પર ઉતરીને "દશ પિંડ વિધિ" કરી અનોખો વિરોધ નોંધાવવામાં આવશે. વિરોધ પ્રદર્શન દરમિયાન 'જય ભવાની, જય શિવાજી'ના નારા સાથે તંત્રને જગાડવાનો પ્રયાસ કરવામાં આવશે.

હાઇકોર્ટમાં જામીન મંજૂર થતા કારેલીબાગ પોલીસ સુપ્રીમ કોર્ટમાં ગઇ હતી

કારેલીબાગ અકસ્માતના મુખ્ય આરોપી રક્ષીતના જામીન સુપ્રીમ કોર્ટમાં મંજૂર

(પ્રતિનિધિ) વડોદરા તા.20

વડોદરા શહેરના કારેલીબાગ વિસ્તારમાં આવેલા આમ્રપાલી કોમ્પલેક્ષ પાસે ગત વર્ષ 2025ના માર્ચ મહિનામાં ગાંજાનો નશો કરીને કાર ચલાવી મુખ્ય આરોપી રક્ષિત ચોરસીયાએ ત્રણ ટુ વ્હીલ અડફેટે લઈને આઠ જેટલા લોકોના હવામાં ફંગોળ્યાં હતા. જેમાં એક મહિલાનું ગંભીર ઈજાઓ થવાના કારણે ઘટના સ્થળ પર કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે અન્યે સાત જેટલા લોકોને સરકારી સહિતના વિવિધ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યાં હતા. કારેલીબાગ પોલીસ દ્વારા આરોપી અકસ્માત કર્યા બાદ નશામાં ચિક્કાર રક્ષિત ચોરસીયાએ અનધર રાઉન્ડ અનધર

રાઉન્ડ જેવી બુમો પાડવા લાગ્યો હતો.

કારેલીબાગ પોલીસ દ્વારા રક્ષિત ચારશીયાની ધરપકડ કરીને માનવવધનો ગુનો દાખલ કરાયો હતો. રિમાન્ડ મેળવ્યાં બાદ આરોપીને જેલ હવાલે કરવામાં આવ્યો હતો. ત્યારે હાઈકોર્ટ દ્વારા આરોપીના જામીન મંજુર કરવામાં આવતા અકસ્માતનો ભોગ બનનાર લોકોએ નારાજગી દર્શાવવા સાથે તેની કડકમાં કડક સજા થાય તેવી માગણી પણ કરી હતી. આરોપી રક્ષિત ચોરસીયાના જામીન મંજુર થઈ ગયા હોય અને માનવવધ જેવો ગંભીર ગુનો આચરવામાં આવ્યો હોય કારેલીબાગ પોલીસ દ્વારા આરોપીની જામીન કેન્સલ કરાવવા માટે સુપ્રિમ કોર્ટમાં દલીલ કરવામાં આવી હતી ત્યારે વડોદરાના બહુચર્ચિત હિટ એન્ડ રન કેસના મુખ્ય આરોપી રક્ષિત ચોરસિયાને હાઈકોર્ટમાંથી જામીન મળ્યા હતા તે મુજબ સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના હુકમને કાયમ રાખ્યો છે અને રક્ષિત ચોરસિયાને હાઈકોર્ટે જામીન આપ્યા હતા.